B A O U

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોર્તિમય" પરિસર,
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-382 481
E-mail: feedback@baou.edu.in
Website : www.baou.edu.in

## સત્રીયકાર્ય ઓગષ્ટ – 2017

## સ્નાતક પદવી અભ્યાસક્રમ

પાઠયક્રમ

**AFW,AWR**

ફિચર લેખન :-AFW-01
રેડિયો માટે લેખન :-AWR-01

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ**
**28/02/2018**

પ્રિય વિદ્યાર્થી મિત્ર,

બી.એ./બી.કોમ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા બદલ આપને અમારા વતી ખૂબ ખૂબ અભિનંદન. આપ દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ કરી રહ્યા છો જેમાં આપની ઉપર અધ્યાપકનું કોઈ અંકુશ નથી. આ પધ્ધતિમાં આપને સ્વંય અનુશાસન અપનાવવું જરૂરી છે. આપને આપના વિષયની ક્રેડીટ અનુસાર આ વિષયમાં દૈનિક 2 કલાક સમય ફાળવવો આવશ્યક છે.

સ્વાધ્યાયકાર્યનું ફોર્મેટ એ આપની સત્રાંત પરીક્ષાના ફોર્મેટ પ્રમાણે જ રાખવામાં આવેલ છે, જેથી અમારી પરીક્ષાની તૈયારી અર્થે યોગ્ય સમજ માટે સ્વાધ્યાયકાર્ય ખૂબ ઉપયોગી છે. સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આપને મળેલી અભ્યાસ-સામગ્રીમાંથી સીધા જ કોપી કરવાના નથી, આપ જે વાંચન કરો છો, જે સમજો છો, તે આપની પોતાની ભાષામાં લખવાનું રહેશે.

સ્વાધ્યાયકાર્યનું પુનઃમૂલ્યાંકન થતું નથી જો કોઈ વિષયના સ્વાધ્યાયકાર્યમાં ઓછા ગુણ હોય તા ફરીથી લખેલું સ્વાધ્યાયકાર્ય સ્વિકારવામાં આવશે નહીં. જેથી આપ પ્રથમ વખતે જ વ્યવસ્થિત જવાબો લખી જમા કરાવશો. જેથી સારામાં સારા ગુણ મેળવી શકશો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકશો.

**ખૂબ ખૂબ શુભકામનાઓ સહ,**

**સ્વાધ્યાયકાર્ય વિભાગ**

## <u>અગત્યની સૂચનાઓ</u>

- **સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાની છેલ્લી તારીખઃ 28/02/2018 છે, તો આ સમય મર્યાદામાં આપે સ્વાધ્યાયકાર્ય લખી જમા કરાવવું જરૂરી છે.**
- **સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની રસીદ લેવી ફરજીયાત છે. જેથી ભવિષ્યમાં સ્વાધ્યાયકાર્યને લગતી કોઈ પૂછપરછ કરવી હોય તેના ઉકેલમાં રસીદ રજૂ કરી શકાય.**
- **તમારા ચેક થઈ ગયેલા સ્વાધ્યાયકાર્ય તમારી સત્રાંત પરીક્ષા પહેલા જ કેન્દ્ર પર રસીદ બતાવી પરત લેવા જેથી પરીક્ષાના વાંચન અર્થે પણ તેને ઉપયોગમાં લઈ શકાય.**
- **બી.એ./બી.કોમ. અભ્યાસક્રમના સ્વાધ્યાયકાર્યમાં પાસ થવા માટે 36 ગુણ લાવવા જરૂરી છે, જો તેનાથી ઓછા ગુણ હોય તો તે સ્વાધ્યાયકાર્યમાં વિદ્યાર્થી નપાસ માનવામાં આવશે, અને તે સ્વાધ્યાયકાર્ય નવા સત્રનું મેળવીને ફરીથી લખવાનું રહેશે.**
- **સ્વાધ્યાયકાર્યના ગુણ વગર ફાઈનલ માર્કશીટ મેળવી શકાશે નહીં.**
- **લખેલા સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની સાથે સ્વાધ્યાયકાર્યનું પ્રશ્નપત્ર ફરજીયાત જોડવું.**
- **આ પછીનું પેજ વિદ્યાર્થીએ પ્રિન્ટ કાઢી તેમાં માંગેલ માહિતી ભરી લખેલા સ્વાધ્યાયકાર્યના પ્રથમ પેજ ઉપર લગાવવું.**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમનું નામ : ટી.વાય.બી.એ./બી.કોમ.

પાઠયક્રમ : ____________________

પ્રશ્નપત્ર : __________

નોંધણીનંબર : ____________________

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

મોબાઈલ નંબર : ____________________

ઈ-મેઈલ : ____________________

અભ્યાસકેન્દ્રનું નામ : ____________

અભ્યાસકેન્દ્ર કોડ નં. : ____________

વિદ્યાર્થીની સહી :__________

તારીખ : ____________

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ
## અભ્યાસક્રમ : બી.એ./બી.કોમ. તૃતીયવર્ષ
## પાઠયક્રમ : ફિચર લેખન
### સત્રીયકાર્ય : ઓગષ્ટ- 2017

કુલ ગુણ-100 ઉત્તીર્ણ થવાનું ધોરણ- 36 ગુણ

---

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોનાજવાબ 1500 શબ્દોમાંઆપો.** (2×20=40)

1 ફિચર લેખન એટલે શું ? તે જણાવી ફિચરનાં લક્ષણો તથા ફિચરના વિવિધ પ્રકારો જણાવો.

**અથવા**

ગ્રંથ સમીક્ષા એટલે શું ? ગ્રંથ સમીક્ષાના વિવિધ પાસાઓ જણાવી સુયોગ્ય સમીક્ષાના લક્ષણો જણાવો.

2 બાળકો માટે લેખનનું મહત્ત્વ જણાવી,લેખનની વિષય પસંદગી કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ? ચર્ચા કરો.

**અથવા**

પ્રવાસ લેખન એટલે શું ? તે સ્પષ્ટ કરી વિવિધ પ્રકારમાં પ્રવાસ લેખન અંગેની ચર્ચા કરો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ 1000 શબ્દોમાં આપો.(ગમે તેબે)** (2×15=30)

1 મહિલાઓ અંગે લેખન કરતી વખતે વિષય પસંદગી કઈ રીતે કરશો ? સામગ્રી કેવી રીતે એકત્ર કરશો ?

2 પર્યાવરણ અંગેનો લેખ કોને કહેવાય ? તે સ્પષ્ટ કરી પર્યાવરણના લેખોના પ્રકારોની ચર્ચા કરો.

3 ભારતના પર્યાવરણની જાળવણી અને પૃથ્વીનું હવામાન ઝડપથી પરિવર્તન પામી રહ્યું છે અને નવો હીમ યુગ આવી રહ્યો છે. આ બંને બાબતો ઉપર પર્યાવરણ ફિચર તૈયાર કરી તમારા સૂચનો નોંધો.

4 લોકો પ્રવાસ કેમ કરે છે ? તે જણાવી આપણે કરેલા પ્રવાસ અંગે આપણે શા માટે લખવું જોઇએ ? તેની ચર્ચા કરો.

**વિભાગ-ગ** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ 500 શબ્દોમાં આપો. .(ગમે તેબે)** (2×10=20)

1 ઉત્તર ભારતમાં વારંવાર યુવતીઓ ઉપર થતા બળાત્કારો દેશના અન્ય ભાગોમાં થાય નહી તે માટે કેન્દ્ર સરકાર અને સમાજ માટે જરૂરી સૂચનો કરો.

2 શહેરી મહિલા માટે મહત્ત્વના હોય એવા મુદ્દા ઉપર એક રૂપક લખો.

3 કોઇ પણ એક વર્તમાન પત્ર કે સામાયિકમાંથી એક રૂપક વાંચી એની લાક્ષણિકતાઓ તમારા શબ્દોમાં નોંધો.

4 સાંસ્કૃતિક રૂપકમાં પરંપરા કે પ્રણાલિકા કેવી ભૂમિકા ભજવે છે ? તે તમારા શબ્દોમાં નોંધો.

**વિભાગ-ઘ** **નીચે આપેલ પ્રશ્નનો જવાબ આપો. (ગમે તે એક)** (1×10=10)

1 ચરિત્રચિત્ર એટલે શું ? તે સ્પષ્ટ કરી સાહિત્યજગતના કોઇપણ એક વ્યક્તિનું ચરિત્રચિત્ર તૈયાર કરો.

2 કોઇ પ્રખ્યાત પર્યટનસ્થળ પસંદ કરો અને પ્રવાસ લેખના વિવિધ પ્રકારના વાચકોને તેમાં કઇ રીતે રસ પડશે તે જણાવો.

AFW-01

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## અમદાવાદ
## અભ્યાસક્રમ : બી.એ./બી.કોમ. તૃતીયવર્ષ
## પાઠયક્રમ : રેડિયો માટે લેખન
### સત્રીયકાર્ય : ઓગષ્ટ- 2017

કુલ ગુણ-100 ઉત્તીર્ણ થવાનું ધોરણ- 36 ગુણ

---

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ 1500 શબ્દોમાં આપો.** (2×20=40)

1 જાહેરસેવા ઉદ્‌ઘોષણા એટલે શું ? (What is PSA) તે જણાવી વ્યાપારી જાહેરાતો અને જાહેર સેવા ઉદ્‌ઘોષણા વચ્ચેનો તફાવત જણાવી જાહેરસેવા ઉદ્‌ઘોષણાના વિષયો જણાવો.

**અથવા**

ભારતમાં રેડિયોના વહીવટી માળખાની ચર્ચા કરી વિવિધ પાંખો વચ્ચે પરસ્પરાવલંબન કઇ રીતે શક્ય બને છે, તેની ચર્ચા કરો.

2 12 થી 14 વર્ષના વયજૂથના બાળકો માટે ‘T.V. અને મોબાઇલનો દૂર ઉપયોગ થતો અટકાવવા મા-બાપની ભૂમિકા ’ ના મુદ્દા માટે રેડિયા સ્ક્રીપ્ટ તૈયાર કરો.

**અથવા**

વિજ્ઞાન અને સામજિક વિજ્ઞાનના અધ્યયન-અધ્યાપનમાં રેડિયો કઈ રીતે ઉપયોગી થાય છે ? તે જણાવી. શિક્ષણના સાધન તરીકે રેડિયાની ભૂમિકા આજના યુગમાં ઉચિત છે ખરી ? ચર્ચા કરો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ 1000 શબ્દોમાં આપો.(ગમે તેબે)** (2×15=30)

1 અવૈધિક શિક્ષણ વ્યવસ્થાના વિદ્યાર્થીઓ માટે રેડિયો વાર્તાલાપના આવશ્યક લક્ષણોની ચર્ચા કરો.

2 અવૈધિક શિક્ષણના લક્ષ્યો જણાવી અવૈધિક શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

3 ‘સ્ત્રીઓના બળાત્કાર અંગે સમાજની ચૂપકી દી’ અંગે રેડિયા ઉપર ચર્ચા કરવા માટે રેડિયા સ્ક્રીપ્ટ તૈયાર કરો.

4 ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરીક્ષાના પરીણામો જાહેર કરવા અંગે રેડિયા ઉપરથી જાહેર સેવા ઉદ્‌ઘોષણા કરવા માટેની સ્ક્રીપ્ટ તૈયાર કરો.

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના જવાબ 500 શબ્દોમાં આપો. .(ગમે તેબે)** (2×10=20)

1 ‘વાણી અને પાણીનો બગાડ ના કરો’ આ સંદેશો જન સમાજ સુધી પહોંચાડવા માટે રેડિયા ઉપર પી.એસ.એ. માટેની નકલ તૈયાર કરો. (30 સેકન્ડ કેપ્સૂલ)

2 પ્રહસન લોકોને હસાવી શકે ?ચર્ચિલના ઉદાહરણ સાથે આ બાબત સમજાવો.

3 રેડિયોની પટકથા માટે ''એક સારી રીતે પસંદ કરેલો શબ્દ એક હજાર ચિત્રો કરતાં વધુ સારો હોઇ શકે છે''- આ વિધાન ની ચર્ચા કરો.

4 'હવે એક એવી ટુથપેસ્ટ જે ચમકતી ત્વચાની ખાતરી આપે છે ?- આ વાણિજ્ય વિજ્ઞાપન પાછળની વ્યુહરચના ટૂંકમાં જણાવી કોલગેટના ઉત્પાદન માટે એક લીટીની જાહેરાત તૈયાર કરો.

**વિભાગ-ઘ નીચે આપેલ પ્રશ્નનો જવાબ આપો. (ગમે તે એક)** (1×10=10)

1 'A cup of Tea' સાહિત્યકૃતિ રેડિયો રૂપાંત્તર માટે યોગ્ય છે કે કેમ? ઉદાહરણ સાથે ચર્ચા કરો.

2 30 સેકન્ડ ચાલે એવી જાહેરાત બે થી ત્રણ વ્યક્તિના સંદર્ભમાં ટૂથપેસ્ટ માટે તૈયાર કરો.

AWR-01